| Publication : Gujarat Niti | Edition : Ahmedabad |
| --- | --- |
| Date : April 15, 2020 | Page: 3 |

### ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડે

# સેલ્ફી એફડી અને સેવિંગ્સ એકાઉન્ટ સાથે ડિજિટલ બેંકિંગની સુવિધાઓ ઓફર કરી

ભારતમાં ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધી બેંકિંગ આઉટલેટની સંખ્યાની દ્રષ્ટિએ સૌથી મોટી સ્મોલ ફાઈનાન્સ બેંક ("એસએફબી") (સ્ત્રોતઃ ક્રિસિલ રિપોર્ટ) ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ("બેંક") કોઈ પણ પ્રકારનાં ફિઝિકલ કોન્ટેક્ટ વિના કે બ્રાન્ચની મુલાકાત લીધા વિના નવા ગ્રાહકોને સેલ્ફ-ઓનબોર્ડિંગ સાથે રાષ્ટ્રીય/પ્રાદેશિક લોકડાઉન દરમિયાન સેલ્ફી એફડી અને સેલ્ફીસેવિંગ્સ એકાઉન્ટની સુવિધા ઓફર કરી છે.

ગ્રાહકો તેમના આધાર નંબર અને પેન નંબર આપીને બેંકમાં રૂ. ૯૦,૦૦૦/-ના મૂલ્ય માટે સેલ્ફી ફિક્સ્ડ ડિપોઝિટ (એફડી) ઓનલાઈન ખોલાવી શકે છે તથા પછી ફક્ત ત્રણ મિનિટમાં તેમની એફડી ઓનલાઈન બુક કરાવી શકે છે, જેના પર તેમને ૧ વર્ષ માટે વાર્ષિક ૭.૭૫ ટકા★ રિટર્ન મળી શકે છે. ડિજિટલ સ્વતંત્ર ઈન્સ્ટા ફિક્સ્ડ ડિપોઝિટ સેલ્ફી એફડી ઘરેથી સુવિધાજનક રીતે એફડી બુક કરવાની સરળ રીત છે, જેમાં ભારતમાં કોઈ પણ સંપૂર્ણ-કેવાયસી નોન-ઈક્વિટાસ બેંક ખાતામાંથી" ફંડ ફંડિંગ ઓફર કરીને સુવિધાજનક પેકેજનો લાભ મળે છે (યુપીઆઈમાં લિન્ક). સેલ્ફી એફડી પરંપરાગત પ્રોડક્ટ્સની ચોક્કસ વધારાની ખાસિયતો માટે ડિઝાઈન કરેલ છે, જેમાં અમે એફડી એકાઉન્ટનું વધારે મૂલ્ય આપવામાં માનીએ છીએ અને અંતિમ ગ્રાહક માટે સંપૂર્ણ ખાસિયત વધારવામાં માનીએ છીએ. (★ સમયે સમયે દર ફેરફાર થવાને આધિન છે. ગ્રાહકોએ એફડી બુક કરાવતા અગાઉ લેટેસ્ટ રેટની જાણકારી મેળવવા અમારી વેબસાઈટ **www.equitasbank.com** જોવી જોઈએ.)

સેલ્ફી સેવિંગ્સ એકાઉન્ટ ડિજિટલ બેંક એકાઉન્ટ છે, જે આધાર નંબર, પેન અને અન્ય મૂળભૂત વિગતોની નોંધણી કરાવીને વેબ આધારિત ઈન્ટરેક્ટિવ વીડિયો ફોર્મ સાથે ખોલાવી શકાશે. ગ્રાહકો મોબાઈલ બેંકિંગ પિન સેટ અપ કરી શકશે અને તાત્કાલિક તેમના એકાઉન્ટ શરૂ કરી શકે છે. તેમને મિનિમમ બેલેન્સ વિના વાર્ષિક ૭.૫ ટકા વ્યાજ અને વર્ચ્યુઅલ ડેબિટ કાર્ડ મળી શકે છે. બેંક એના ગ્રાહકોને તેમના ચેટ બોટ આઈડી દ્વારા ગ્રાહકોની જરૂરિયાતો અને પ્રશ્નોનું સમાધાન કરવામાં પણ મદદરૂપ થાય છે.

આ બંને ઉત્પાદનોની વિશિષ્ટ ખાસિયતો નીચે મુજબ છેઃ

સેલ્ફી એફડીના ફાયદાઃ ● ૧ વર્ષ માટે વાર્ષિક ૭.૭૫ ટકાનું ઊંચું વ્યાજ* ● વરિષ્ઠ નાગરિકો માટે ૦.૬૦ ટકા વધારે વ્યાજ ● સેવિંગ્સ એકાઉન્ટ વિના એફડી કરો ● કોઈ પણ રૂ. ૫૦૦૦થી શરૂ કરો અને રૂ. ૯૦,૦૦૦ સુધીનું રોકાણ કરો ● ૭ દિવસથી ૩૬૫ દિવસ સુધીના રોકાણ કરવાના વિવિધ વિકલ્પોમાંથી પસંદ કરો ● જો સેલ્ફ ઈએફડી ૧૮૦ દિવસથી વધારેની મુદત પૂર્ણ કરે, તો પ્રીમેચ્યોર વિથડ્રોઅલ પેનલ્ટી નહીં ● સીનિયર સિટિઝન સેલ્ફ ઈએફડી માટે કોઈ પ્રીમેચ્યોર વિથડ્રોઅલ પેનલ્ટી નહીં (* સમયેસમયે વ્યાજનાં દર ફેરફારને આધિન. ગ્રાહકે એફડી બુકિંગ કરતાં અગાઉ વ્યાજનાં લેટેસ્ટ દર માટે વેબસાઈટ જોવી પડશે **www.equitasbank.com**)

સેલ્ફીસેવિંગ્સના ફાયદા ● સેલ્ફીસેવિંગ્સ ડિજિટલ બેંક ખાતું છે, જે આધાર નંબર, પેન અને અન્ય મૂળભૂત વિગતોનો ઉપયોગ કરીને નોંધણી કરાવી વેબ આધારિત ઈન્ટરેક્ટિવ વીડિયો ફોર્મ સાથે ખુલી શકશે ● વ્યક્તિ મોબાઈલ બેંકિંગ પિન સેટ કરી શકે છે અને તાત્કાલિક એકાઉન્ટનો ઉપયોગ કરી શરૂ કરી શકશે ● વ્યાજનો દર ૭.૫ ટકા સુધીઃ વર્ષે ૭.૫ ટકાના વ્યાજદર સાથે સેવિંગ્સ પર ઊંચું વળતર મેળવો ● મિનિમમ બેલેન્સની જરૂર નહીં ● વર્ચ્યુઅલ ડેબિટ કાર્ડ